Published On 18th of Every Month

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

## અમદાવાદ

### સંચાલિત માસિક

# સમાજ આરસી

સળંગ અંક : ૧૭૯

કિંમત રૂા. ૪૦-૦૦

નવેમ્બર - ૨૦૧૯

વર્ષ - ૧૫





## મકાનનું બાંધકામ



અદ્‌ભુત મકાન બાંધનાર એક કારીગર એક ઠેકેદારને ત્યાં વરસોથી કામ કરતો હતો. એક દિવસ એને થયું હવે બસ, હવે નિવૃત્તિ લઈ લેવી જોઈએ. એણે એના ઠેકેદારને વાત કરી. ઠેકેદારે એને કહ્યું, "સારૂં ભાઈ, જેવી તારી ઈચ્છા. પણ બસ જતા જતા મને છેલ્લે એક સૌથી સુંદર મકાન બાંધી આપ. તારી આખી જિંદગીમાં તે ના બનાવ્યું હોય એવું સુંદર મકાન બનાવી આપ."

કારીગરને ઠેકેદારની ફરમાઈશ ના ગમી. એને હવે કામમાં કંટાળો આવતો હતો. પણ એ એમને ના ન પાડી શક્યો. એણે કમને કામ ચાલુ કર્યું. સાવ અણઘડ કારીગરો રોક્યા, ડિઝાઈન પણ સાવ ફાલતું બનાવી અને માલ પણ નબળો વાપર્યો. મહિનામાં જ જેવું તેવું મકાન બનાવીને એ ઠેકેદાર પાસે પહોંચી ગયો. એને ચાવી આપી, "સાહેબ, આપનું મકાન તૈયાર થઈ ગયું છે, લો આ મકાનની ચાવી."

ઠેકેદાર એને મકાનની ચાવી પાછી આપતા કહ્યું, "ભાઈ, તે આખી જિંદગી મજૂરી કરીને મને ખૂબ જ પૈસા કમાઈ આપ્યા છે. માટે આ મકાન મેં તારા માટે તૈયાર કરાવ્યું છે. મારા તરફથી નિવૃત્તિની ભેટ તરીકે તને હું આ મકાન આપું છું. લે આ ચાવી અને શાંતિથી રહે."

કારીગર આઘાતથી સ્તબ્ધ થઈ ગયો. એને જો ખબર હોત કે એ પોતાનું જ મકાન બનાવી રહ્યો છે. તો એ માલ પણ હલકો ના વાપરત અને મકાન પણ સુંદર બનાવત. પણ હવે એને એની જ ભૂલના લીધે હલકા ઘરમાં રહેવાનું થયું.

આપણું પણ આવું જ છે. આપણે આપણા જ જીવન પ્રત્યે ઉદાસીન છીએ. આપણે જ જીવવાનું છે છતાં સર્વોત્તમ રેડતા નથી, કાળજી રાખતા નથી.

સ્પીડ બ્રેકર... જીવન એ પ્રભુ તરફથી માનવીને મળેલી સૌથી અમૂલ્ય ભેટ છે.

Half Ticket

The Family Store




**Half Ticket - The Family Store**

**AHMEDABAD - Sarthik Square,** Nr. GNFC Info towers, S. G. Road, Ahmedabad, Gujarat, India 380054, 079-26855680

**Turquoise,** Panchvati Circle, C. G. Road, Ahmedabad, Gujarat, India 380006, 079-26444040

**Om Complex,** Near Swastik Cross Roads, C. G. Road, Ahmedabad, Gujarat, India 380009, 079-26430687

**VADODARA - Alkapuri Arcade,** Opp. Hotel Welcome, R. C. Dutt Road, Vadodara, Gujarat, India 390007, 0265-2334030

**GANDHIDHAM -** Shop No. 2, Plot No. 239, Ward-12 B, Nr. Gandhi Market, Gandhidham, Kutch, Gujarat, India 370201, 02836-233127

WWW.HALFTICKET.CO.IN

SANGINI HOSPITAL
HOPE LIVES HERE

1ST FLOOR SANTORINI SQUARE, NEAR ABHISHREE COMPLEX,
OPP: STAR BAZAR, SATELLITE, AHMEDABAD

PHONE : 079-40056171 ,7623024024 • EMAIL : drtapansah@gmail.com
WEB :- www.sanginihospital.com

DR. TAPAN SHAH
(M) 9825739241
OPD TIME:
Mon.-Fri. : 9:00 AM TO 10:00 AM
3:00 PM TO 8:00 PM
Sat. : 1:00 PM TO 2:00 PM

DR. HARSH MANIAR
(M) 9825724348
OPD TIME:
Mon.-Fri. : 9:00 AM TO 1:00 PM
5:30 PM TO 6:30 PM
Sat. : 9:00 AM TO 12:00 PM

ASSOCIATE DOCTORS
DR. MAHESH KHAPANDI (M) 9924755228

- MD INTERNAL MEDICINE
- CONSULTANT PHYSICIAN
- CARDIAC DISEASE AND DIABETES SPECIALIST
- INTENSIVE CARE SPECIALIST
- 2D ECHO, TMT

DR. ATISH SHAH
(M) 9824500452
MD (PEDIATRICS), GOLD MEDALIST
OPD TIME:
Mon.-Fri. : 10:00 AM TO 1:00 PM
4:00 PM TO 7:00 PM
Sat. : 10:00 AM TO 1:00 PM

Dhyana
NEONATAL CARE

- NEONATOLOGIST AND PAEDIATRICIAN
- INTENSIVE CARE SPECIALIST

ASSOCIATE DOCTORS
DR. CHINTAN RATHOD (M) 9408179541

અમારી હોસ્પિટલમાં બાળસખા યોજના-૩
અંતર્ગત નીચે મુજબની બિમારીવાળા બાળકો
(જન્મથી ૨૮ દિવસ સુધી નવજાત શિશુ)
તદ્દન વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.




૧. ૧.૫ કિ.ગ્રા.થી ઓછું વજનવાળા બાળકો
૨. જન્મસમયે ન રડેલ બાળકો
૩. મળ પી જવાથી થતો ન્યુમોનિયા
૪. કાચા ફેફસાવાળા બાળકો
૫. લોહીમાં ચેપ
૬. મગજનો ચેપ
૭. સુગર ઓછી થવી
૮. કેલ્શિયમ ઓછું થવું
૯. વધારે સોડિયમ




૩૧૨, સેન્ટોરીની સ્કવેર બિલ્ડીંગ, અભિશ્રી કોમ્પલેક્ષની પાછળ,
સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

SANGINI HOSPITAL PROVIDES STATE OF THE ART PHYSICIAN PLUS PAEDIATRICIAN SERVICES UNDER ONE ROOF TO ITS CLIENTS IN HEART OF THE CITY OF AHMEDABAD, SATELLITE. IT IS WELL EQUIPPED WITH FOLLOWING FACILITIES:

FULLY EQUIPPED NEONATAL, PEDIATRIC & ADULT ICU • SPECIAL ROOM & SEMI SPECIAL ROOMS • HIGH FREQUENCY VENTILATOR, NON INVASIVE VENTILATORS: CPAP/BIPAP • MULTIPARA MONITORS WITH IBP, SYRINGE PUMPS & INFUSION PUMPS • 2 D ECHO, ECG, TMT, PFT, DEFIBRILLATOR & LABORATORY FACILITIS • SERVO CONTROLLED WARMERS, LED PHOTOTHERAPY, NEBULISERS, HEALTH CHECK UP



ડો. હિતેષી એ. શાહ (BDS)
ડેન્ટલ સર્જન

આર.સી.ટી. (RCT), ફિક્સ દાંત, ચોકઠા અને કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રીના સ્પેશ્યાલિસ્ટ

- દાંત અને પેઢાના રોગોની સારવાર
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટની સારવાર
- વધારે સડાવાડા સોજો આવેલા દાંતના મૂળની સારવાર (RCT)
- ફીક્સ દાંત-સોનાના, સીરામીકના અને મેટલના કવરની સારવાર
- ચોકઠા બનાવવાની સારવાર
- પાયોરીયાની સારવાર
- વાંકાચુકા તથા આગળ પડતાં દાંતની સારવાર
- કહાપણની દાંતની સારવાર
- દાંતની સફાઈ

પેશન્ટ હાઉસ ડેન્ટલ ક્લિનીક — નરોત્તમ ઝવેરી હોલની સામે, પાલડી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૪૩૦૦૪૫૨ સમય : સવારે ૧૧-૩૦ થી ૨-૦૦ કલાકે

નવકાર ડેન્ટલ ક્લિનીક — ૧૦૭, સહજાનંદ પ્લાઝા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૮૫૦૦૩૪૫ મો. ૯૮૨૪૩૦૦૫૪૨ સમય : સાંજે ૫-૩૦ થી ૮-૦૦ કલાકે


SINCE 1997
NAVKAR
A Symbol of Success
Navkar Institute
We believe in the best
ADMISSIONS OPEN FOR
CA Foundation
Nov'2019
7, Pallavi Row Houses, Opp. Memnagar Fire Station
079 4070600
www.navkarinstitute.com
NAVKAR PUBLIC SCHOOL
(Affiliated to GSEB)
ADMISSIONS OPEN FOR
STD 9 to 12
Science and Commerce
Opp. Vasundhra Bus stop, Near Aavkar Flats, Gulbai Tekra, Ahmedabad - 380006
079 26304006, 9227136062/67
www.navkarpublicschool.com



## વિશ્વના ૨૦ દેશોને સારવાર આપતું

**અમદાવાદનું અત્યાધુનિક ફર્ટીલીટી સારવાર કેન્દ્ર**

CELEBRATING 21 YEARS OF GYNEC PRACTICE





**ડૉ. મેહુલ દામાણી** | એમ.ડી.
મો. 9825050020

**ડૉ. સોનલ દામાણી** | એમ.ડી.
મો. 9227230766

| ફર્ટીલીટી/ટેસ્ટટ્યુબ બેબી | એન્ડોસ્કોપી | સોનોગ્રાફી | વધારે માસીકસ્ત્રાવ |
|---|---|---|---|
| IUI / IVF | લેપ્રોસ્કોપી | કલર ડોપ્લર | થર્મલ બલુન |
| ICSI | હીસ્ટેરોસ્કોપી | 3D/4D | TCRE |
| TESA/PESA | | | મીરેના |

## સ્ત્રી રોગો-ફર્ટીલીટીની તમામ આધુનિક સારવાર



ટેસ્ટ ટ્યૂબ બેબી સારવારની ઇતિહાસમાં વિરલ ઘટના 60 વર્ષની મહિલાની કુખે તંદુરસ્ત બાળકનો જન્મ

# Planet WOMeN™

An ISO 9001:2008 Organization

પ્લેનેટ વુમન હાઉસ, ૨૬/૧ એલ-કોલોની, સહજાનંદ કોલેજ ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫
ફોન : ૦૭૯-૨૬૩૦૭૦૦૭, ૨૬૩૦૮૦૦૮ Email: mehuldamani1@yahoo.co.in

'Planet women' | 'Planet women' | www.planetwomen.in

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સમાજના આગામી કાર્યક્રમોની વિગતો | ૦૮ |
| ૨. | તંત્રીની કલમે | ૧૦ |
| ૩. | પ્રમુખસ્થાનેથી | ૧૧ |
| ૪. | સમાજ સમાચાર | ૧૨ |
| ૫. | જન્મદિવસની હાર્દિક શુભેચ્છા | ૧૪ |
| ૬. | સાધર્મિક બંધુઓનો કપડાં વિતરણનો અહેવાલ | ૨૦ |
| ૭. | લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા | ૩૧ |
| ૮. | ZPL-6 ઇનોગ્રેશનનો અહેવાલ | ૩૬ |
| ૯. | સુંદરવન | ૪૨ |
| ૧૦. | અદશ્ય થતું કુંટુંબ જીવન | ૪૪ |
| ૧૧. | સુખ દુઃખની વણઝાર | ૪૬ |



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી | ચેતન આર. શાહ - સહતંત્રી | ઉમેશભાઈ એન. દોશી
હિતેશભાઈ બી. સંઘવી | સુભાષભાઈ સી. શાહ | મહેશભાઈ સી. સંઘવી

**મુદ્રક અને પ્રકાશક**
શ્રી અજય નગીનદાસ દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**
શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**
જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**માલિક**
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**પ્રકાશન સ્થળ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org



આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.



**વાર્ષિક લવાજમ**
અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦



JAYESH SHAH
(ESTATE BROKER)
+91 99740 89640
+91 98250 13076
RERA REGISTERED
SHAH ESTATE CONSULTANT
A.E.B.A. (Member) GREAC (Member) CREBIA (Member)
Residential & Commercial Property
Rent | Sale | Purchase
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony,
Vijaynagar, Naranpura, Ahmedabad - 380 013.
E-mail : jayeshshah1376@gmail.com

With Best Compliments From
Dhavalbhai Shah
NAVKAR ENTERPRISE
GODOWN NO. C-3, HIGHWAY ESTATE,
SANAND ROAD, SANAND,
AHMEDABAD - 382210
M. : 9377166466





પોતાની નમ્રતાનું અભિમાન કરવું
તેનાથી વધુ નિંદાજનક કાંઈ નથી.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત

### બારમી ચિત્રકામ સ્પર્ધા

**તા. ૨૬-૦૧-૨૦૨૦, રવિવાર ● સમય : સવારે ૯-૦૦ કલાકે**

**ઉંમર : ૫ થી ૭ વર્ષ - ૮ થી ૧૦ વર્ષ - ૧૧ થી ૧૪ વર્ષ**

(વધુ માહિતી તથા ફોર્મ આવતા અંકમાં આપવામાં આવશે.)

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત

### દસમી સ્વૈચ્છિક રક્તદાન શિબિર

સમાજ તરફથી છેલ્લા આઠ વર્ષથી રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન થઈ રહેલ છે. આ વર્ષે તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ રવિવારે રક્તદાન શિબિર યોજવામાં આવેલ છે, જેમાં સમાજના દરેક સભ્યોને શિબિર સફળ બનાવવા નમ્ર અપીલ છે.

જે સભ્યોને રક્તદાન કરવાની ઈચ્છા હોય તેઓએ સમાજની ઓફિસે નીચે જણાવેલ ફોન નંબર ઉપર નામ લખાવવા વિનંતી છે. ઓફિસ નં. : ૦૭૯-૨૬૪૨૫૬૭૦ ● મોબાઈલ : ૮૨૩૮૦૫૫૫૭૫

શિબિર અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે. દરેક રક્તદાતાને આ ઉમદા કાર્યની યાદગીરીરૂપે એક પ્રતિક ભેટ સમાજ તરફથી આપવામાં આવશે.

**તા. ૨૬-૦૧-૨૦૨૦, રવિવાર ● સમય : સવારે ૮-૩૦ થી બપોરે ૧-૩૦ સુધી કલાકે**

**સ્થળ : શાન્તમ્ એક્ટીવીટી સેન્ટર, નવરંગપુરા, અમદાવાદ**

॥ આર્થિક સૌજન્ય ॥

**સ્વ. નગીનદાસ જીવણલાલ દોશી તથા માતૃશ્રી ધીરજબેન નગીનદાસ દોશીની પુણ્યસ્મૃતિમાં તેમના પરિવાર તરફથી**

**રક્તદાન એક અતિ મહાન દાન છે જે સમાજની તમામ તંદુરસ્ત વ્યક્તિ પૈસા પાત્ર ન હોય તો પણ કરી શકે છે.**

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત

### સમાજની ગૃહિણીઓ માટે

**"આહાર, માટી અને પાણીથી સારવાર"** (પ્રાકૃતિક સારવાર)

**વક્તા : ડૉ. લલીતાબેન શર્મા**

તારીખ : ૧૪-૧૨-૨૦૧૯, શનિવારે ● સમય : બપોરે ૨-૦૦ થી ૫-૦૦ કલાક

સ્થળ : શાન્તમ એક્ટીવીટી સેન્ટર, નવરંગપુરા, અમદાવાદ.

આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે સમાજની ઓફિસે ફોન નં. ૨૬૪૨ ૫૬૭૦ અથવા તો (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫ અથવા તો લેડીઝ વોટસએપ ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

કાર્યક્રમને અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.



મધ, લીંબુ, આમળાનો રસ, ફળાહાર કે ઘરનો મનપસંદ નાસ્તો ચોક્કસ કરો.

# સમાજના સભ્યો જોગ

## નવમી રક્તદાન શિબિર તા. ૨૬-૦૧-૨૦૨૦, રવિવાર

**રક્તદાન માટે તૈયાર રહેવા અપીલ....**

**આર્થિક સૌજન્ય : સ્વ. નગીનદાસ જીવણલાલ દોશી તથા માતૃશ્રી ધીરજબેન નગીનદાસ દોશીની પુણ્યસ્મૃતિમાં તેમના પરિવાર તરફથી**

આપણા સમાજ દ્વારા દર વર્ષે ૨૬મી જાન્યુઆરીએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. તો સમાજના સભ્યોને રક્તદાન શિબિર વખતે સમાજ વતી વધુમાં વધુ રક્તદાન કરવા માટે તૈયાર રહેવા નમ્ર વિનંતી.

## કોણ રક્તદાન કરી શકે ?

- બધા દાનોમાં છે મહાન દાન રક્તદાન
- ૧૮ થી ૬૫ વર્ષ સુધી કોઈપણ વ્યક્તિ લોહી આપી શકે છે.
- વ્યક્તિનું વજન પીસ્તાળીસ કિલોગ્રામથી વધારે હોવું જોઈએ.
- દર ત્રણ મહિને લોહી આપી શકાય.

રક્ત કોના માટે વપરાય છે ? ....... લોહીની જરૂરીયાત ક્યારે પડે ?....

- અકસ્માતમાં.. ખાસ કરીને રસ્તા ઉપરના અકસ્માતો
- ઘરના અકસ્માતો.. ખાસ કરીને દાઝવાના જેમાં મોટે ભાગે મહિલાઓ ભોગ બને છે.
- સુવાવડ વખતે કોઈ વખત બહુ લોહી વહી જાય ત્યારે
- નાના મોટા ઓપરેશન વખતે
- કીડની ટ્રાન્સપ્લાન્ટ વખતે કે ડાયાલીસીસ વખતે
- હૃદય ઉપરના ઓપરેશનમાં - વાલ્વ બદલવાનો હોય કે લોહીની નળી બંધ થઈ ગઈ હોય ત્યારે
- કેન્સરના દર્દીઓ માટે કે લોહીના કેન્સર - લ્યુકેમિયાના દર્દી માટે
- થેલેસેમીયાના દર્દી માટે કાયમી અને નિયમીત મોટા પ્રમાણમાં રક્તદાનની જરૂર પડે છે.
- જો રક્તદાનથી કોઈ નુકશાન ન હોય અને દર્દીને ફાયદો થતો હોય તો.. ચાલો આપણે સહુ રક્તદાન કરીએ અને શેરદિલ રક્તદાતા બનીએ.
- રક્તદાનથી રક્તદાતાને પણ ફાયદો તો છે જ. તેના શરીરની દર વખતે તપાસ થાય અને તેને તંદુરસ્તીનું પ્રમાણ મળે.
- ચાલો રક્તદાન કરીએ અને માનવજીવન બચાવવાનો લ્હાવો લઈએ.
- રક્તદાન દેશ સેવાનું પ્રતિક છે. તે માનવસેવાનો લાભ છે દરેક ધર્મનો આદેશ છે અને પોતાની તંદુરસ્તી વહેંચવાનો આનંદ છે.

**જે પણ રક્તદાતા રક્તદાન કરવા માંગતા હોય તો સમાજની ઓફિસે ફોન નં. ૨૬૪૨૫૬૭૦ તથા મોબાઈલ નં. ૮૨૩૮૦૫૫૫૭૫ ઉપર નોંધાવવા વિનંતી છે.**

## વઢવાણ મિત્ર મંડળ, અમદાવાદ

વઢવાણ મિત્ર મંડળનું ૩૪ મું સ્નેહમિલન તા. ૨૯-૧૨-૨૦૧૯, રવિવારના રોજ મધુર હોલ, આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ ખાતે યોજાનાર છે જેની વિગતવાર માહિતી પરિપત્ર દ્વારા દરેક સભ્યને જાણ કરવામાં આવશે.

- દિપકભાઈ જીવણલાલ સંઘવી - મંત્રીશ્રી, વઢવાણ મિત્ર મંડળ, અમદાવાદ


**SHAH AGENCIES**
SHAH EXPORTS
PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.
DEALING IN : POLYESTER FILM, SHRINK FILM & SLEEVE
EXPORTER : FLEXIBLE PACKING PRODUCTS
NAVIN SHAH • NIRAV SHAH • DEVANG SHAH
Adm. Off. : 317-318, Pushpam, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63, (R) 26932733/34
E-mail : navinjshah@gmail.com

**SHAH ASSOCIATES**
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

**JIVANSATHI.NET**
**મેરેજ બ્યુરો**
લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે
**માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી**
**સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ**
એ-૯, તીર્થદિવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.
Mobile : 98 25 19 19 25
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net




ધાર્યું કશું ન થાય અને અણધાર્યું જ થાય તેનું નામ સંસાર

# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

આપ સહુએ દિવાળીનો શુભ તહેવાર ખૂબ આનંદ અને ઉત્સાહથી ઉજવ્યો હશે. વિક્રમ સંવત ૨૦૭૬નું નવું વર્ષ આપ સહુ માટે ખુબ શુભ નીવડે એવી શુભકામના. દશેરાના દિવસે ભારતે લડાકુ વિમાન રાફેલની ખરીદી કરી. આમ જોઈએ તો ગૌરવ લેવા જેવી બાબત હોવા છતાં યુદ્ધની નોબતના ભણકારા દિલને ક્યાંય ખટકે. ઈતિહાસ તરફ નજર કરીએ તો મહાભારત અને કલિંગ જેવા મહાન યુદ્ધોનું પરિણામ સર્વનાશ જ હતું. ભૌતિકશાસ્ત્ર માટેનું નોબેલ પ્રાઈઝ મેળવનાર વૈજ્ઞાનિક અને રેડિઓ એસ્ટ્રોનોમીનાં તજજ્ઞ માર્ટિન રાઈલનાં જીવનનો છેલ્લો દસકો અણુબોમ્બ અને અણુમથકો વિરૂદ્ધની ઝુંબેશમાં વીત્યો. મૃત્યુનાં દોઢ વર્ષ પહેલા એમણે એમના મિત્રને લખેલા પત્રમાં એમની વેદના વ્યક્ત થાય છે. “બીજા વિશ્વયુદ્ધ પછી મેં નક્કી કર્યું હતું કે મારા વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ હવે પછી લશ્કરી હેતુઓ માટે કરીશ નહીં. ત્યારબાદ અમે લોકોએ અત્યંત શક્તિશાળી રેડીઓ ટેલીસ્કોપ બનાવવા માટે નવી નવી ટેકનીકોનો વિકાસ કર્યો, પણ હું આજે જોઉં છું કે આ ટેકનીકોનો વિકૃત ઉપયોગ રડાર અને સોનાર પદ્ધતિઓ (લશ્કરી હેતુઓ માટે) વિકસાવવામાં થઈ રહ્યો છે. પરિણામે મારી વૈજ્ઞાનિક કારકિર્દીના અંત સમયે આજે હું અનુભવ્યા વગર રહી શકતો નથી કે, “૧૯૪૬માં જો હું ખેડૂત બની ગયો હોત તો વધુ સારૂં થાત.” દરેક જીવ શાંતિ ઈચ્છે છે. વિશ્વશાંતિની ભાવના સાથે નવા વર્ષના વધામણા કરીએ.

૯ ઓક્ટોબરે વર્લ્ડ પોસ્ટ ડે અથવા પોસ્ટ ઓફિસ ડે ઉજવાઈ ગયો. પણ આપણે એની નોંધ સુદ્ધા લીધી નહીં, કારણ કે ટ એટલે ટપાલીનો ટ ભુલાઈ ગયો છે. આજના બાળકોએ કાર્ડ કે દિવાળીના પોસ્ટકાર્ડ જોયા પણ નહીં હોય. આપણે ત્યાં શુભ અવસર હોય ત્યારે આપણે કંકોત્રી મોકલતા પહેલાં ટપાલથી જાણ કરતા અને લખતા કે કંકોત્રી મળતા વાર લાગે તો આને કંકોત્રી મળ્યા તુલ્ય ગણીને આમંત્રણનો સ્વીકાર કરશોજી. કોઈનું મૃત્યુ થાય તો દીલસોજીનો પત્ર પણ લખતા અને આ વાક્ય મને નાનપણ થી યાદ છે. “પાંચમો આરો કઠણ છે. ધરમ કરશે એ તરશે.” ત્યારે સમજાતું નહોતું અને નાની હતી એટલે કોઈ સમજાવતું પણ નહોતું. રાજાઓના સમયમાં કબુતરના પગે ચિઠ્ઠી બાંધીને સંદેશાઓ મોકલતા કે દૂતો દ્વારા મોકલવામાં આવતા. હિંદુ સંસ્કૃતિમાં પહેલો પત્ર રૂક્ષ્મણીએ કૃષ્ણને લખ્યો હતો એમ માનવામાં આવે છે. સૌ પ્રથમ પર્શિયાના રાજા સાયરસે સંદેશ પહોંચાડવા ઘોડા દ્વારા ટપાલ વ્યવસ્થા ચાલુ કરી.

ઈ.સ. ૧૮૫૪માં લોર્ડ ડેલહાઉસીએ ભારતમાં અધિકારીક રીતે પોસ્ટ ઓફિસની સ્થાપના કરી. ઈ.સ. ૧૮૬૧માં જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતની સત્તા બ્રિટીશ તાજને સોંપી ત્યારે ભારતમાં ૨૩ સર્કલમાં વહેંચાયેલી પોસ્ટલ સેવાઓ હતી. એ વખતે ૪.૩ કરોડ પત્ર વ્યવહારો અને ૪૫ લાખ અખબારોનું સંચાલન પોસ્ટલ વિભાગો દ્વારા થતું. ભારતમાં દુનિયાનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે. ભારત આઝાદ થયો ત્યારે ૨૩,૩૪૪ પોસ્ટ ઓફિસ કાર્યરત હતી. હાલમાં ભારતમાં ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસ કાર્યરત છે. હિમાચલ પ્રદેશના સિક્કીમમાં ૬૪,૫૬૭ હજાર ફૂટની ઉંચાઈએ આવેલ પોસ્ટ ઓફિસ દુનિયાની સૌથી ઉંચાઈએ આવેલી પોસ્ટ ઓફિસ છે. ટપાલ વિતરણની કામગીરી સરળ બને એ માટે પોસ્ટલ ઝોન અને પીનકોડ દાખલ કરવામાં આવ્યા. (માહિતી સ્રોત : રવિ ઈલા ભટ્ટ)

૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં પોસ્ટકાર્ડ ઉપર જયહિંદનો ખાસ સિક્કો મારવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૯૯ની આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં શ્રી વીરચંદ ગાંધીએ સમગ્ર એશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી અને આપણી પોસ્ટલ પદ્ધતિ સુધારવા, વિસ્તૃત કરવા અને વિકાસ કરવા સૂચનો કર્યા હતા.

એક ૧૫ પૈસાના પોસ્ટકાર્ડમાં લાગણીઓ ઠલવાયેલી ક્યાંક હર્ષના તો ક્યાંક દુઃખના આંસુ બનીને વહેતી. કોઈ ઘરડી આંખો વિદેશમાં વસતા સંતાનોના સમાચારની રાહ જોતી કે કોઈ પત્ની કમાવા ગયેલા પતિના પત્રની, કોઈ પેન્સનની કે કોઈ પ્રમોશનની રાહ જોતું હોય. સંદેશો લઈને આવતા ટપાલીને જોઈને સહુને એ થેલામાંથી આપણી ટપાલ કાઢે છે કે નહીં એમ આતુરતાથી જોતા. આજે પણ કોઈનો પાસપોર્ટ આવે ત્યારે ટપાલી વધામણા માટે ઉભો રહે છે.

આપ સહુને એક પ્રશ્ન કે તમે છેલ્લો કાગળ કોને લખ્યો હતો ? શક્ય હોય તો સ્વજનોને ક્યારેક ટપાલ લખજો કેમ કે તમારા અક્ષરોથી તમારા સ્વજન તમારી લાગણી સ્પર્શી શકશે.

અંતમાં પંક્તિઓના રચયિતાનું નામ ખબર નથી પડી એટલે એમની ક્ષમાયાચના સાથે લેખને વિરામ આપું છું.

એક સરળ સ્વભાવનો ટપાલી, જાદુ કરે છે મહાન
એક જ થેલામાં ભરે છે આંસુ અને મુસ્કાન....!!!

M. : 8141199064 • priti_narendra@yahoo.co.in



આત્માના અવાજ પ્રમાણે જીવન જીવવાથી
જ કીર્તિ પ્રાપ્ત થાય છે.

## પ્રમુખસ્થાનેથી

- ઉમેશ એન. દોશી

# શું આપણે જૈન છીએ ?

આ અંક આપના હાથમાં આવશે ત્યારે દિપાવલી તથા નુતન વર્ષની રજાઓનો હોંશભેર આનંદ માણી, સગા-સ્નેહી, સ્વજનો-મિત્રો સાથે શુભેચ્છાઓની આપલે કરી રોજીંદી જીવનની ઘટમાળમાં યથાવત ગોઠવાઈ ગયા હોઈશું.

ગયા અંકમાં જેનો મેં નિર્દેશ કર્યો હતો તે મુજબ આપણા સાધર્મિક પરિવારોને દર વર્ષની જેમ મીઠાઈ, જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટ તેમજ રોકડ સહાયનું વિતરણ તો કરવામાં આવ્યું પરંતુ ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે તે પરિવારોના દરેક સભ્યને નાના-મોટા સહુને સમાજ તરફથી નવા કપડાની એક જોડી જેમાં પેન્ટ-શર્ટ, લેગીંન્સ-કુર્તી, ડ્રેસ-ફ્રોક તેમજ સાડી દરેકની ઉંમર અને જરૂરિયાત પ્રમાણે સમાજ તરફથી આપવામાં આવ્યા. તે પરિવારોના સભ્યોના મુખ ઉપરનો આનંદ નજરે જોનારને જ ખ્યાલ આવે. હજુપણ અમો કંઇક ને કંઇક એવું કરવા માંગીએ છીએ કે તેમના મુખ ઉપરનો ડર, લઘુતાગ્રંથી, અસંતોષ, અળગાપણાના ભાવ શક્ય તેટલા અંશે દૂર કરી શકીએ તેવા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરીશું. આ અંગે વિશેષમાં જણાવતાં આનંદ થાય છે કે સમાજના સાધર્મિક પરિવારોની પરિસ્થિતિ જાણી તેઓની સહાય માટે થોડા મહિના અગાઉ સમાજને રૂા. ૨/- લાખ (રૂા. બે લાખ પુરા) ની માતબર રકમનું આર્થિક યોગદાન આપેલ જેઓના હૃદયમાં સાધર્મિક પરિવારો માટે ભારોભાર અનુકંપા છે તેઓએ દરેક સાધર્મિક પરિવારની સંખ્યાને ધ્યાનમાં લઈ રૂા. ૧,૦૦૦/- થી રૂા. ૨,૦૦૦/- સુધીની રોકડ રકમ તે દરેક પરિવારને આપવાની ભાવના દર્શાવેલ છે. સમાજવતી તે સાધર્મિક બંધુને ખૂબ ખૂબ ધન્યવાદ. સાથે જણાવતા રંજ પણ થાય છે કે એક તરફ આવા સાધર્મિક બંધુઓ/પરિવારો છે કે જે સમાજના તકલીફવાળા પરિવારો માટે ખોબે-ખોબે યોગદાન આપે છે જ્યારે અમુક પરિવારોને બાદ કરતાં સમાજના મોટા ભાગના પરિવારો અવારનવાર અપીલ કરવાં છતાં હજુ પણ સુસ્ત છે. ખેર ! અમો તો અમારી રીતે કાર્ય કરીએ જ છીએ અને કરતાં જ રહેવાના છીએ.

હવે લેખમાં જે હેડીંગ મેં આપેલ છે તે બાબત ગંભીરતાપૂર્વક કંઈક જણાવવા માંગુ છું.

લેખનું હેડીંગ જોઈ આપને થશે કે છેલ્લા બે અંકથી હું આ વિષય ઉપર જ જણાવી રહ્યો છું. આ ત્રીજા અંકમાં પણ તે જ વિષય લીધો છે. આ અંગે ચોખવટ કરવાની કે ગયા બે અંક આપણી માનસિકતા, વિચારોના પ્રકાર, માનવતા, સાધર્મિક પ્રત્યે અનુકંપાના ભાવ વિગેરે વિષય ઉપર હતા. હવે આ અંકમાં વર્ષમાં એક-બે વાર લખું છું તે મુજબ પ્રસંગોમાં આયોજીત ભોજન સમારંભો તથા અન્ય બાબતો અંગે જણાવવા માંગુ છું.

દિવાળી પછી ટૂંક સમયમાં લગ્નગાળાની તથા શુભ પ્રસંગોની શરૂઆત થાય છે. લગભગ દરેક વર્ષે દિવાળી પછી હું આ બાબત સભ્યોના ધ્યાનમાં લાવું છું જેને હું મારી ફરજ માનું છું. સભ્ય પરિવારોના ઘણા બધા સભ્યો ફક્ત "જૈન" ફુડ જ ભોજનમાં લે છે તેવું નથી, ઘણાં બધા સભ્યો કંદમૂળ સહિતનું ભોજન જ રેગ્યુલર કરતા હોય છે. તેનો મને વાંધો નથી. આ દરેકની પોતાની સમજ અને માન્યતા ઉપર આધારિત છે. પરંતુ જે જણાવવું છે તે જાહેરમાં આયોજીત ભોજન સમારંભો માટેની છે. નાનામોટા દરેક પ્રસંગોમાં જો આપણે ખરેખર જૈન છીએ તો ફક્ત અને ફક્ત જૈન મેનુ જ હોવું જોઈએ તેવી મારી દ્રઢ માન્યતા છે અને આગ્રહ છે અને જે બાબતને આપણે સહુ આચરણમાં મુકીશું તો જ જૈન તરીકેનો આદર, ઉચ્ચભાવ આપણે પોતે પણ અનુભવી શકીશું અને જૈનેતર સિવાયના લોકોમાં પણ તે સચવાઈ રહેશે. દરેક વ્યક્તિ જૈન પ્રસંગોમાં કંદમૂળ સહિતનું જ મેનું રાખે છે તેવું નથી પણ આજે મહદ્ અંશે આ રીતનું જ મેનું રાખવામાં આવે છે અથવા યુવાપેઢીના આગ્રહથી તે રાખવું પડે છે. આશા છે મારી આ વિચારસરણીને સહુ સમજી શકશો.

હવે કંદમૂળથી એક કદમ આગળની હું વાત કરવા માંગુ છું. વર્તમાન સમયમાં નવી પેઢી માટે 'જૈન' નું લેબલ ફક્ત જન્મ પુરતું મોટે ભાગે રહી ગયેલ છે. કંદમૂળ ન ખાવાની વાત તો હવે Outdated, જુનવાણી ગણાય છે. તે પેઢી હવે 'Practical' થવાની સલાહ આપે છે. હવે એક કદમ આગળ અંગે જણાવું તો હવે 'Party' (Drinks) ની એક ફેશન થઈ ગઈ છે. લગ્નપ્રસંગ, બર્થડે પાર્ટી, પીકનીક કે Out Station નું ટ્રાવેલીંગ હોય, 'Party' જાણે મોજ શોખનો, આનંદ લેવાનો એક ભાગ બની ગઈ છે. નવી પેઢી સંસ્કારથી દિવસે દિવસે કેટલી નિમ્ન કક્ષાએ જઈ રહી છે તેનો ખૂબ જ ગંભીરતાથી વિચાર કરવાની તાતી જરૂર છે. જો કે આ પરિસ્થિતિની ઘણી વખત ઘરના વડીલોને ખબર હોતી નથી અથવા તેમનું માનવામાં આવતું નથી. 'સાત' વ્યસનોનો ત્યાગ એ જૈન ધર્મના પાયાની બાબત છે. જેમાંનો દારૂ, જુગાર, માંસનું સેવન મુખ્ય છે. આ ખરાબ આદતોને આજની પેઢી Status Symbol ગણે છે. મારી જાણ પ્રમાણે શ્રી અભિતામ બચ્ચન કે આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા અન્ય ઘણા મહાનુભાવોના જીવનમાં આ દૂષણને પ્રવેશ નથી છતાં આજે તેઓ ઉચ્ચ કક્ષાએ બિરાજમાન છે. લોકોનો કેટલો આદર પામે છે. નવી પેઢીનો દરેક યુવા વર્ગ આ આદતોના વ્યસની છે તેવું નથી પરંતુ ઘણા બધા આ લપસણીભૂમિ ઉપર લપસવા માંડ્યા છે. યુવાનોએ ચેતી જવાની જરૂરી છે. વડીલોએ તેમને રોકવાની જરૂર છે. નહીંતર ભવિષ્ય ધુંધળું જ છે.

આ દૂષણોની જીવનમાં સંપૂર્ણપણે 'No Entry' હશે તો જ આપણે ગૌરવપૂર્વક કહી શકીશું કે...

**"હા હું જૈન છું - પ્રભુ મહાવીરનું સંતાન છું"**



તમામ ધર્મોનું સાધારણ તત્ત્વ
નમ્રતા અને વિનય છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૦-૨૦૧૯ થી તા. ૩૧-૧૦-૨૦૧૯ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૬૧૬ | જૈન એકેડમી એજ્યુકેશન રીચર્સ સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ - તા. ૨૯-૦૯-૨૦૧૯ ના રોજ રાખેલ દ્વિતિય ઈનામ વિતરણ તથા તપસ્વી અભિવાદન સમારોહમાં ડૉ. બિપિનભાઈ દોશીએ વિશેષ આમંત્રિત તરીકેનું સ્થાન શોભાવ્યું તે નિમિત્તે (શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૦૮,૦૦૦/- |
| ૬૨૮ | શૈલેષભાઈ ચંદુલાલ દોશી - તા. ૨૯-૦૯-૨૦૧૯નાં રોજ રાખેલ દ્વિતિય ઇનામ વિતરણ તથા તપસ્વી અભિવાદન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકેનું સ્થાન શોભાવ્યું તે નિમિત્તે (શૈક્ષણિક સહાય ખાતે) | ૫૧,૦૦૦/- |
| ૬૫૩ | પ્રિતિબેન નરેન્દ્રકુમાર શાહ - તા. ૨૯-૦૯-૨૦૧૯નાં રોજ રાખેલ દ્વિતિય ઇનામ વિતરણ તથા તપસ્વી અભિવાદન સમારોહમાં અતિથિ વિશેષ તરીકેનું સ્થાન શોભાવ્યું તે નિમિત્તે - સ્વ. કંચનબેન સંપ્રીતલાલ શાહ પરિવાર તરફથી (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૬૩૪ અને ૬૩૫ | નગીનદાસ મણીલાલ દોશી પરિવાર - સાધર્મિક વિધવા બહેનોને સહાય યોજના અન્વયે - ઓક્ટોબર ૨૦૧૯ (માનવરાહત ફંડ ખાતે) | ૧૩,૫૦૦/- |
| ૬૧૭ | ધીરજબેન નગીનદાસ દોશી પરિવાર - ૧૨ સભ્યોને સાધર્મિક સહાય પેટે - ઓક્ટોબર-૨૦૧૯ (માનવરાહત ફંડ ખાતે) | ૧૨,૦૦૦/- |
| ૬૩૨ અને ૬૩૩ | સૌરિનભાઈ બિપિનભાઈ સંઘવી - ZPL - 6 (૨૦૨૦) ક્રિકેટ ટુર્નામેન્ટ - સેમીફાઈનલ અને ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચના દાતા (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૬૨૩ | ડૉ. ભાઈલાલ મગનલાલ શેઠ (ગઢડાવાળા) પરિવાર તરફથી (માનવરાહત ફંડ ખાતે) વર્ષ ૨૦૧૯-૨૦ | ૧૦,૦૦૦/- |
| ૬૬૧ | લહેરચંદ હરચંદ સંઘવી પરિવાર તરફથી સ્વ. પ્રવિણચંદ્ર વસંતલાલ સંઘવીનાં અરિહંતશરણ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૬૬૩ | જીતેન્દ્રકુમાર અમૃતલાલ દોશી - સાધર્મિક દિવાળી વિતરણ - મગના દાતા - સ્વ. કંચનબેન અમ્રતલાલ દોશીના સ્મરણાર્થે .. હ. જીતેન્દ્રકુમાર એ. દોશી (માનવરાહત ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૬૩૬ | અશોકભાઈ જયંતિલાલ સંઘવી - સુપુત્ર ચિ. હર્ષનું સગપણ મુ. જુનાગઢ, હા. કોબા - શ્રી પ્રફુલ્લચંદ્ર હરિલાલ પુરોહિતની સુપુત્રી ચિ. ઝીલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ, સમાજઆરસી, સગપણ લાગા ખાતે) | ૩,૦૦૬/- |
| ૬૩૭ | શ્રી પ્રફુલ્લચંદ્ર હરિલાલ પુરોહિત - સુપુત્રી ચિ. ઝીલનું સગપણ મુ. ધોલેરા, હા. અમદાવાદ શ્રી અશોકભાઈ જયંતિલાલ સંઘવીના સુપુત્ર ચિ. હર્ષ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ, સમાજઆરસી, સગપણ લાગા ખાતે) | ૩,૦૦૬/- |
| ૬૨૬ | માનચંદભાઈ લહેરચંદભાઈ સંઘવી પરિવાર - સ્વ. પ્રવિણચંદ્ર વસંતલાલ સંઘવીના અરિહંતશરણ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૩,૦૦૦/- |
| ૬૨૯ | હેમલભાઈ પ્રવિણચંદ્ર શાહ - વર્ષ ૨૦૧૯ એજ્યુકેશન નોટબુક - પ્રવિણચંદ્ર મોહનલાલ શાહ - મંજુલાબેન પ્રવિણચંદ્ર શાહ - ફોટા - ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩,૦૦૦/- |
| ૬૫૪ | રાજેશકુમાર જયંતિલાલ શાહ - સુપુત્ર ચિ. ફેનીલ - અમિષાનાં થયેલ શુભ લગ્ન પ્રસંગે (તા. ૦૬-૦૭-૨૦૧૯) માનવરાહત, તબીબી યોજના, શૈક્ષણિક સહાય ખાતે | ૩,૦૦૦/- |
| ૬૫૫ | હસુમતીબેન પ્રબોધચંદ્ર સલોત - વર્ષ ૨૦૧૯, એજ્યુકેશન નોટબુક - પ્રબોધચંદ્ર મલુકચંદ સલોત, હસુમતીબેન પ્રબોધચંદ્ર સલોત - ફોટા-૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩,૦૦૦/- |
| ૬૫૬ | નીપાબેન પ્રિયેશકુમાર ગાંધી - વર્ષ ૨૦૧૯ - એજ્યુકેશન નોટબુક - જયસુખલાલ શીવલાલ ગાંધી, હંસાબેન જયસુખલાલ ગાંધી - ફોટા - ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩,૦૦૦/- |
| ૬૧૮ | હિતેષભાઈ અમરતલાલ શાહ - સુપુત્ર ચિ. ઋષભનું સગપણ મુ. ધ્રાંગધ્રા હા. અમદાવાદ શ્રી અતુલકુમાર કાંતિલાલ સંઘવીની સુપુત્રી ચિ. ભૂમિ સાથે કર્યું તે શુભ પ્રસંગે (સમાજ વિકાસ, સગપણ લાગા ખાતે) | ૧,૧૦૧/- |



કોઈ પણ ક્રિયા ફળ આપે જ. પણ તેની માંગણી ન કરો. મારે કાંઈ જ જોઈતું નથી. અપેક્ષા રહિતનું કોઈ પણ કામ કરો.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૦-૨૦૧૯ થી તા. ૩૧-૧૦-૨૦૧૯ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૬૧૯ | અતુલકુમાર કાંતિલાલ સંઘવી - સુપુત્રી ચિ. ભુમિનું સગપણ મુ. બરવાળા, હા. અમદાવાદ શ્રી હિતેષભાઈ અમરતલાલ શાહના સુપુત્ર ચિ. ઋષભ સાથે કર્યું તે શુભ પ્રસંગે (સમાજ વિકાસ, સગપણ લાગા ખાતે) | ૧,૧૦૧/- |
| ૬૨૪ | હિતેષભાઈ ભાઈલાલભાઈ શેઠ - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે (શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૬૨ | જ્યોતિબેન અતુલભાઈ શાહ (સાણંદવાળા) હ. ધરા રિતેશકુમાર શાહ - નવા ગૃહપ્રવેશ નિમિત્તે (તબીબી યોજના ફંડ ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૩૧ | હસમુખભાઈ હરજીવનદાસ ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે - હ. મનિષભાઈ (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦/- |
| ૬૬૫ | જસવંતલાલ છોટાલાલ શાહ (સમાજ વિકાસ ફંડ ખાતે) | ૨૦૦/- |

## તા. ૦૧-૧૦-૨૦૧૯ થી તા. ૩૧-૧૦-૨૦૧૯ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૬૨૦, ૬૨૧, ૬૨૨, ૬૬૦, ૬૬૪, ૬૬૬ |
| લોન ધિરાણ | ૬૩૦, ૬૩૮, ૬૩૯, ૬૪૦, ૬૪૧, ૬૪૨, ૬૪૩, ૬૪૪, ૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૪૮, ૬૪૯, ૬૫૦, ૬૫૧, ૬૫૨, ૬૫૯ |
| સમાજ આરસી જાહેરાત | ૬૫૭ |
| સમાજ આરસી શ્રધ્ધાંજલી | ૬૨૫, ૬૫૮ |
| કેન્સલ | ૬૨૭ |

## શ્રદ્ધાંજલિ

૧. મુ. વઢવાણ, હા. અમદાવાદ સ્વ. કિશોરચંદ લાલચંદ શાહ (નાથાભવાનવાળા) ના સુપુત્ર તથા શ્રી રમેશભાઈ, સંજયભાઈના ભાઈશ્રી તથા તરંગના પિતાશ્રી જીતેન્દ્રકુમાર કિશોરચંદ્ર શાહ (નાથાભવાનવાળા) તા. ૧૦-૧૦-૨૦૧૯ના રોજ અરિહંતશરણ થયેલ છે.

સમાજ તેઓના દુ:ખદ અવસાનથી દુ:ખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે.




જેની જીભમાં અમી તેને દુનિયા નમી
રમેશ કે. દોશી    અક્ષય એચ. દોશી
મો. : ૯૮૭૯૬૩૬૬૨૮  મો. : સ૭૯૯૦૯૨૯૦૯૬
**હીરા ઓપ્ટિકલ્સ**
૧, મહારાજ ચેમ્બર્સ, વેરાઈપાડાની પોળ, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૨૧૪૬૭૯૯(ઘર) ૨૭૬૪૪૧૮
**રોશની ચશ્મા ઘર**
તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ
શુભેચ્છક : નરેન્દ્ર કે. દોશી - ૨૭૫૬૦૫૩૬
**Roshni Optician**
13, Sanjay Tower, Nr. Shyamal Raw House-3A, Shyamal Cross Road, Satellite, Ahmedabad-15.
Jinesh Doshi - +91 8460186847

9427520136    9327007721
**DIPALI PARAG**
SANGHAVI SANGHAVI
ફેશન ડીઝાઇનીંગ, સ્ટીચીંગ
ઓર્ડરથી હેવી ચણીયા ચોળી
૩૦૦-૩૫૦૦ ડ્રેસ મટીરીયલ્સ, કુર્તી
૧૫, અંબિકાદેવી સોસાયટી, વિ.૨, કિરણપાર્ક રોડ, પાણીની ટાંકી સામે, સંઘવી હાઈસ્કૂલ રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૫૯૪૫૮

**KALPVRUKSHA INVESTMENT**
**PRUDENT FINANCE**
One Stop Solution for....
• Investment in Fixed Deposits,Tax Free Bonds, RBI Bonds, NCD, Mutual Funds, Post Office Scheme, Life Insurance
• Loan against Shares/Property, Business Loan, Personal Loan, Housing Loan
• Forex Currency,Travel Cards • Trade Finance
Contact : Shailin Chhabildas Gandhi
Off : 3rd Floor, Devpath Complex, Off C. G. Road, Ahmedabad - 380 006. Mobile: +91 98798 31133
Email: shailin.gandhi@yahoo.co.in



માણસ નાણાં ગણે છે ત્યારે ક્યાંય ધ્યાન આપતો નથી
ને માળા ફેરવે છે ત્યારે બધે જ ધ્યાન આપે છે.

# જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

વર્ષ ૨૦૧૩ના નવા વર્ષની શરૂઆત જાન્યુઆરી થી આપણા સમાજના મુખ્ય (Head of the Family) સભ્યના જન્મદિવસે સમાજ તરફથી અભિનંદન આપવાનું નક્કી કરેલ છે. જે અન્વયે આ અંકમાં જે માસમાં જે સભ્યોના જન્મદિવસ આવે છે તેમની યાદી આપવામાં આવેલ છે. આ યાદીમાં શરતચૂકથી કોઈ સભ્યના નામ કદાચ રહી ગયેલ હોય તો સમાજની ઓફિસે તે અંગે જાણ કરવા નમ્ર વિનંતી છે. જેથી તે મુજબ સુધારો કરી શકાય. આવતા અંકથી તે પછીના માસમાં જે સભ્યોના જન્મદિવસ આવશે તેની યાદી આપવામાં આવશે.

"तुम जीओ हजारो साल, साल के दिन हो पचास हजार"

આપના જન્મદિને સમાજ તરફથી હાર્દિક શુભેચ્છાઓ. આપનું જીવન ખૂબ જ સુખમય, આરોગ્યમય, ધર્મમય તેમજ દરેક રીતે પ્રગતિકારક તેમજ સુખાકારી આપનારૂ નિવડે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

## ડિસેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | ૧ ડિસેમ્બર |
| LK-69 | શ્રી કેતનભાઈ જયંતીલાલ સલોત |
| LN-95 | શ્રી નિલયભાઈ દિનેશભાઈ સંઘવી |
| LR-90 | શ્રીમતી રીમાબેન પ્રદીપકુમાર શાહ |
| LSH-27 | શ્રી શૈલેષકુમાર ધીરજલાલ ગાંધી |
| LV-89 | શ્રી વિશાલભાઈ નિતિનભાઈ વોરા |
| | ૨ ડિસેમ્બર |
| LJ-56 | શ્રી જયવંતભાઈ રમણીકલાલ દોશી |
| LK-114 | શ્રી કિરણભાઈ સવાઈલાલ દોશી |
| LP-152 | શ્રી પ્રશાંતભાઈ સંજયકુમાર દોશી |
| | ૩ ડિસેમ્બર |
| LBH-42 | શ્રી ભાવિનભાઈ કાંતિલાલ સંઘવી |
| LSH-4 | શ્રી શશીકાંતભાઈ હિંમતલાલ સંઘવી |
| LV-68 | શ્રી વિપુલભાઈ છબીલદાસ સલોત |
| LK-54 | શ્રી કિશોરભાઈ વ્રજલાલ સંઘવી |
| LJ-55 | શ્રી જયસુખભાઈ ત્રંબકલાલ શાહ |
| | ૪ ડિસેમ્બર |
| LS-68 | શ્રીમતી સરોજબેન ભુપેન્દ્રકુમાર દોશી |
| LBH-10 | શ્રી ભરતકુમાર નટવરલાલ શાહ |
| LBH-35 | શ્રી ભરતભાઈ બિપિનચંદ્ર ધોળકીયા |
| LN-118 | શ્રી નિમિષભાઈ વાડીલાલ શાહ |
| LR-142 | શ્રી રમેશભાઈ છોટાલાલ ગાંધી |
| | ૫ ડિસેમ્બર |
| LS-65 | શ્રી સુનિલભાઈ મહેન્દ્રભાઈ દોશી |
| | ૬ ડિસેમ્બર |
| LP-151 | શ્રી પ્રિતેશભાઈ શાંતિલાલ શાહ |
| LM-112 | શ્રીમતી મિતાબેન વિજયભાઈ ગાંધી |
| LD-8 | શ્રી દીપકભાઈ જીવણલાલ સંઘવી (ડેરીવાળા) |
| LN-23 | શ્રી નરેશભાઈ હિંમતલાલ બુટાણી |
| | ૭ ડિસેમ્બર |
| LDH-8 | શ્રી ધનેશભાઈ શાંતિલાલ શાહ |
| LR-45 | શ્રી રમેશકુમાર કાંતિલાલ દોશી |
| LR-46 | શ્રી રજનીભાઈ પુરુષોત્તમદાસ ગોપાણી |
| LH-9 | શ્રી હર્ષદભાઈ રમણીકલાલ વોરા |
| LK-80 | શ્રી કૌશલભાઈ ઇન્દ્રવદન શાહ |
| LR-13 | શ્રી રજનીભાઈ જગજીવનદાસ સંઘવી |
| LM-98 | શ્રી મુકેશભાઈ વિરચંદભાઈ દોશી |
| | ૮ ડિસેમ્બર |
| LA-1 | શ્રી અશોકભાઈ પુરુષોત્તમદાસ શાહ |
| LR-70 | શ્રી રજનીકાંત રમણલાલ ગોપાણી |
| LD-40 | શ્રી દિનેશભાઈ રમણલાલ વોરા |
| LM-56 | શ્રી મહેશકુમાર શાંતિલાલ શાહ |
| LM-132 | શ્રી મનિષકુમાર હસમુખલાલ શાહ |
| | ૯ ડિસેમ્બર |
| LB-11 | શ્રી બીપીનચંદ્ર છગનલાલ વોરા |
| LJ-91 | શ્રી જયેશભાઈ જયંતીલાલ દોશી |
| LM-115 | શ્રી મનીષભાઈ બિપીનચંદ્ર વોરા |
| | ૧૦ ડિસેમ્બર |
| LK-96 | શ્રી કિરિટકુમાર રતિલાલ વસાણી |
| | ૧૧ ડિસેમ્બર |
| LCH-39 | શ્રી ચેતનકુમાર દલીચંદ શાહ |
| LK-99 | શ્રી કમલેશભાઈ ધીરજલાલ સંઘવી |
| LSH-15 | શ્રી શૈલેષભાઈ ચંદુલાલ દોશી |



જિંદગીમાં સમયથી વધારે કોઈ પોતાનું અને પારકું નથી હોતું,
સમય તમારો હોય તો બધા પોતાના અને સમય તમારો ના હોય તો બધા પારકા.

# ડિસેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | ૧૨ ડિસેમ્બર |
| LM-57 | શ્રી મહેન્દ્રભાઈ ગાંડાલાલ શાહ |
| LK-130 | શ્રી કિરીટભાઈ જયંતિલાલ સંઘવી |
| LN-79 | શ્રી નિલેશકુમાર ઝવેરચંદ શાહ |
| LM-24 | શ્રી મહેન્દ્રભાઈ પ્રાણલાલ દોશી |
| LA-100 | શ્રી અતુલભાઈ અમીચંદભાઈ શાહ |
| LS-37 | શ્રી સંદીપભાઈ પ્રફુલ્લભાઈ શેઠ |
| LM-60 | શ્રી દુલેચરાય શિવલાલ શાહ |
| | ૧૩ ડિસેમ્બર |
| LJ-101 | શ્રી જીગ્નેશભાઈ ભરતભાઈ શાહ |
| LV-52 | શ્રી વિરેન્દ્રભાઈ રમણીકલાલ બારભાયા |
| LD-32 | શ્રી દિલીપકુમાર જયંતીલાલ સંઘવી |
| LBH-67 | શ્રી ભુપેન્દ્રભાઈ છબીલદાસ બારભાયા |
| | ૧૪ ડિસેમ્બર |
| LP-30 | શ્રી પ્રકાશકુમાર જયંતીલાલ ગાંધી |
| | ૧૫ ડિસેમ્બર |
| LK-22 | શ્રી કિશોરચંદ્ર વાડીલાલ બારભાયા |
| LS-23 | શ્રી સુરેશભાઈ મનસુખલાલ વસાણી |
| LD-31 | શ્રી દીપકભાઈ જયંતીલાલ શાહ |
| LM-87 | શ્રી મહેશભાઈ ચમનલાલ શાહ |
| | ૧૬ ડિસેમ્બર |
| LP-94 | શ્રી પથિકભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ |
| LH-24 | શ્રી હરેશભાઈ ધીરજલાલ સખીદાસ |
| LOH-28 | શ્રી ધર્મેન્દ્રભાઈ જસવંતલાલ સંઘવી |
| LY-8 | શ્રી યોગેશભાઈ રમણલાલ વોરા |
| | ૧૭ ડિસેમ્બર |
| LJ-112 | શ્રી જતીનભાઈ રસિકલાલ ગાંધી |
| LP-23 | શ્રી પ્રદીપકુમાર ગોવિંદલાલ ગાંધી |
| LA-44 | શ્રી અલ્કેશકુમાર હરજીવનદાસ શાહ |
| LCH-50 | શ્રી ચિંતનભાઈ કમલેશભાઈ શાહ |
| | ૧૮ ડિસેમ્બર |
| LK-15 | શ્રી કલ્પેશભાઈ શાંતિલાલ શાહ |
| LS-18 | શ્રી શ્રેણીકભાઈ સુરેશભાઈ દોશી |
| LA-106 | શ્રી અલ્પેશભાઈ કિર્તીભાઈ શાહ |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | ૨૦ ડિસેમ્બર |
| LP-67 | શ્રી પરેશકુમાર નટવરલાલ શાહ |
| LY-18 | શ્રી યોગેશભાઈ ચીમનલાલ શાહ |
| LV-48 | શ્રી વિનુભાઈ ગુલાબચંદ શાહ |
| LJ-12 | શ્રી જયંતીલાલ આણંદજી ગાંધી |
| LJ-103 | શ્રી જસ્મીનભાઈ ઝવેરચંદ શાહ |
| LV-71 | શ્રી વસ્તુપાળ નવીનભાઈ શાહ |
| | ૨૧ ડિસેમ્બર |
| LM-64 | શ્રી મહેશભાઈ ભોગીલાલ દોશી |
| | ૨૨ ડિસેમ્બર |
| LBH-12 | શ્રી ભુપેશભાઈ પ્રાણલાલ સંઘવી |
| LS-30 | શ્રી સુરેશભાઈ લક્ષ્મીચંદભાઈ વેજાણી |
| LM-5 | શ્રી મિલનકુમાર નટવરલાલ શાહ |
| LBH-64 | શ્રી ભરતભાઈ ધીરજલાલ શાહ |
| LSH-22 | શ્રી શરદકુમાર નગીનદાસ શાહ |
| | ૨૩ ડિસેમ્બર |
| LV-36 | શ્રી વિનયચંદ્ર હિંમતલાલ શાહ |
| LH-30 | શ્રી હિતેશકુમાર અમૃતલાલ શાહ |
| LK-109 | શ્રી કેતનભાઈ બાબુલાલ સંઘવી |
| LK-93 | શ્રી કુમારપાળ અશ્વિનભાઈ સંઘવી |
| LSH-41 | શ્રી શૈલેષભાઈ બાલચંદભાઈ હકાણી |
| | ૨૪ ડિસેમ્બર |
| LD-87 | શ્રી દિલીપભાઈ જેચંદભાઈ દોશી |
| | ૨૫ ડિસેમ્બર |
| LS-9 | શ્રી સુભાષભાઈ ચંદુલાલ શાહ |
| LS-31 | શ્રી સુરેન્દ્રભાઈ વસંતલાલ સંઘવી |
| LS-62 | શ્રી સુરેશભાઈ બાબુલાલ શાહ |
| LK-86 | શ્રી કિશોરકુમાર ચીમનલાલ દોશી |
| | ૨૬ ડિસેમ્બર |
| LR-125 | શ્રી રજનીકાંત રમણલાલ ગોપાણી |
| LM-121 | શ્રી મહેન્દ્રભાઈ અમીચંદભાઈ શાહ |
| LBH-85 | શ્રી ભદ્રેશભાઈ વ્રજલાલ શાહ |




સંસારમાં મનુષ્ય ખાલી હાથે આવે છે ને ખાલી હાથે જાય છે
માત્ર સારા-માઠા કર્મોનું પોટલું બાંધતો જાય છે.

## ડિસેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | ૨૭ ડિસેમ્બર |
| LJ-67 | શ્રીમતી જયશ્રીબેન રાજેન્દ્રભાઈ સલોત |
| LI-3 | શ્રી ઇન્દ્રવદનભાઈ પોપટલાલ દોશી |
| LCHH-3 | શ્રી છોટાલાલ જગજીવનદાસ ગાંધી |
| | ૨૮ ડિસેમ્બર |
| LH-27 | શ્રી હેમંતકુમાર પરષોત્તમદાસ ગોપાણી |
| | ૨૯ ડિસેમ્બર |
| LP-69 | શ્રી પરેશભાઈ મહેન્દ્રભાઈ સંઘવી |
| LV-17 | શ્રી વિનોદચંદ્ર રતીલાલ શાહ |
| LY-6 | શ્રી યોગેશભાઈ ચીમનલાલ દોશી |
| LN-51 | શ્રી નીકુંજકુમાર ચીમનલાલ દોશી |
| | ૩૦ ડિસેમ્બર |
| LP-115 | શ્રી પંકજભાઈ અમૃતલાલ શાહ |
| LP-130 | શ્રી પન્નાબેન પુનમભાઈ શાહ |
| LCH-8 | શ્રી ચંપકલાલ શીવલાલ ગોપાણી |
| LK-11 | શ્રી કીરીટભાઈ ચંપકલાલ ગાંધી |
| LK-124 | શ્રી કૃણાલભાઈ ભરતભાઈ દોશી |
| LS-77 | શ્રી સૌરભભાઈ ભરતકુમાર દોશી |
| LCH-33 | શ્રી ચેતનકુમાર સવાઈલાલ શેઠ |
| LA-95 | શ્રી અતુલભાઈ નંદલાલ શાહ |
| | ૩૧ ડિસેમ્બર |
| LM-52 | શ્રી મહેન્દ્રભાઈ હરીલાલ સંઘવી |
| LD-38 | શ્રી દીપકભાઈ મગનલાલ સંઘવી |
| LL-10 | શ્રી લાલચંદભાઈ ચતુરદાસ વોરા |
| LV-80 | શ્રી વિશાલભાઈ હર્ષદકુમાર દોશી |
| LP-141 | શ્રી પંકજભાઈ રસિકલાલ સંઘવી |
| LD-101 | શ્રી દેવાંગભાઈ ભરતભાઈ ગોપાણી |

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી

પિતાએ એવું ક્રેડીટ કાર્ડ છે જે બેલેન્સ ન હોય તો પણ ખુશીઓ આપતા રહે છે.



જન્મ તારીખ
૦૮-૦૧-૧૯૩૮

અરીહંત શરણ
૧૦-૧૧-૨૦૧૮

**પ્રેમાળ પિતાશ્રી સ્વ. પ્રવિણચંદ્ર હીરાલાલ ગોપાણી**

**મુળ વતન બોટાદ, હાલ અમદાવાદ**

"સાથે નથી પણ સાથે હોય તેવું લાગ્યા કરે છે,
હર ક્ષણ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
યાદોમાં તમારા ચહેરાના દર્શન અમને થયા કરે છે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા અમને વાગ્યા કરે છે.

હિરાલાલ પ્રેમચંદ ગોપાણી પરિવાર તરફથી પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રભુ પાસે પ્રાર્થના

● સદૈવ આપના ઋણી ●

ગં.સ્વ. કુસુમબેન પ્રવિણચંદ્ર ગોપાણી
સ્વ. અશોકચંદ્ર હીરાલાલ ગોપાણી
સ્વ. અંજનાબેન અશોકચંદ્ર ગોપાણી
ધીરેન્દ્ર પ્રવિણચંદ્ર ગોપાણી
હેતલ ધીરેન્દ્ર ગોપાણી

પ્રફુલાબેન પ્રકાશકુમાર શાહ
ઈલાબેન રાજેશકુમાર શાહ
રાજેશ્રીબેન પ્રિતેશકુમાર શાહ

મેશ્વા - અમન

સંકેત - મિસિતા, અલય, ક્રિના, પ્રિન્સી, હર્ષિત, ઝીલ, નીલ




મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

**ધનલક્ષ્મી સ્ટોર્સ**

ઇમિટેશન ● કોસ્મેટિક્સ ● હોઝિયરી
● બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી



૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા
ફોન : ૨૬૮૫૨૫૪૬ મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
ફોન : ૨૬૮૫૪૧૬૦ મો. : ૯૪૨૬૫૭૭૨૧૮


દર રવિવારે આખા અઠવાડિયાના
કામકાજની રૂપરેખા બનાવી અમલ કરો.

# દિપાવલીના તહેવારોમાં સાધર્મિક લાભાર્થીઓને મીઠાઈ-નમકીનનું વિતરણ

સાધર્મિક સહાય લેતાં આપણા સભ્યો પણ દિપાવલીની મીઠાશ માણી શકે તે માટે તા. ૨૫-૧૦-૨૦૧૯ ને શુક્રવારના રોજ શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ, નગરશેઠનો વંડો, ઘીકાંટા, અમદાવાદ ખાતે નીચે જણાવેલી જીવનજરૂરી વસ્તુઓ, મીઠાઇ નમકીન આપવામાં આવેલ તથા સમાજના નીચે જણાવેલ દાતાઓ તરફથી સાધર્મિક લાભાર્થી કુટુંબોને આપવામાં આવેલ યોગદાન માટે સમાજ તેમનો આભારી છે. આ પ્રસંગે સમાજના સહમંત્રીશ્રી દીપકભાઇ સંઘવી (ડેરીવાળા), કારોબારી સભ્ય શ્રી બીપીનભાઇ શાહ, શ્રી સુભાષભાઇ શાહ તથા ઓફિસ સ્ટાફ રોશનીબેન, કલ્પેશભાઇ તથા મંગળકાકા હાજર રહેલ.

## ઉદારદિલ દાતાઓ તરફથી દિવાળી નિમિત્તે સાધર્મિક લાભાર્થીને સહાય

| | | |
|---|---|---|
| ૧. | સમાજ તરફથી | ખાંડ, મેદો, રવો, ચણાનો લોટ, સીંગતેલ, ઘંઉના ફાડા, પૌઆ |
| ૨. | સ્વ. મંગળાબેન ખીમચંદ છગનલાલ દોશી પરિવાર તથા રંજનબેન મુગટલાલ ખીમચંદ દોશી પરિવાર | કાજુ કતરી |
| ૩. | સ્વ. મંજુલાબેન છોટાલાલ શાહ તથા સ્વ. છોટાલાલ શીવલાલ શાહ (ટુવાવાળા) ના સ્મરણાર્થે.. હ. શૈલેષભાઈ શાહ | મોહનથાળ |
| ૪. | સ્વ. પદમાબેન ધીરજલાલ સંઘવી હ... જ્યોતિબેન | નમકીન - મસાલા સીંગ |
| ૫. | સ્વ. મંજુલાબેન બીપીનચંદ્ર શાહ, સાણંદવાળા (પેટ્રોલપંપવાળા) ના સ્મરણાર્થે.. હ. પ્રિયેશ બીપીનચંદ્ર શાહ તથા સૌરભ બીપીનચંદ્ર શાહ | ચવાણું |
| ૬. | માતુશ્રી ધીરજબેન નગીનદાસ દોશી પરિવાર | નમકીન - બંગાળી પુરી તથા ચટપટી સેવ |
| ૭. | સ્વ. સુશીલાબેન સુરેશભાઈ દોશીના સ્મરણાર્થે.. હ. સાધના શ્રેણીક દોશી | નમકીન - પૌંઆનો ચેવડો |
| ૮. | સ્વ. જીવણલાલ ચુનીલાલ સંઘવી તથા સ્વ. પ્રફુલ્લ જીવણલાલ સંઘવી સ્મરણાર્થે હ. શ્રીમતી વિમળાબેન જીવણલાલ સંઘવી (ડેરીવાળા પરિવાર) | ગોળ-સાકર-બિસ્કીટ-ચોકલેટ, મુખવાસ |
| ૯. | સ્વ. કંચનબેન અમૃતલાલ દોશીના સ્મરણાર્થે.. હ. જીતેન્દ્રકુમાર અમૃતલાલ દોશી | મગ |
| ૧૦. | શ્રીમતી વસુબેન હસમુખલાલ શાહ (નાથાભવાનવાળા) | ચોખ્ખુ ઘી |
| ૧૧. | શ્રી યોગેશભાઈ ચીનુભાઈ શાહ (હડાળા ભાલ) તથા શ્રી કનકભાઈ સુમન્તભાઈ શાહ (નાથાભવાનવાળા) | કીસમીસ |
| ૧૨. | સ્વ. ચુનીલાલ માણેકચંદ ગોપાણી પરિવાર હ. બીપીનભાઈ ગોપાણી | મઠીયા |
| ૧૩. | કરૂણામુર્તિ માતુશ્રી સ્વ. નિર્મળાબેન નંદલાલ ગાંધી અને માતુશ્રી સ્વ. કુમુદબેન બાબુલાલ સંઘવીના પ્રાર્થના સ્મરણાર્થે.. હ. રેખા અને બકુલ ગાંધી (મુંબઈ) તરફથી | ધાબળા |
| ૧૪. | સુરેખાબેન રમેશભાઈ સંઘવી હ. પ્રીતીબેન સરજુભાઈ સંઘવી | ગળ્યું અથાણું |



હાર જીતની પરવા કર્યા વગર
જીવનને એક રોમાંચની દૃષ્ટિએ જુઓ.

## સમાજની ઓફિસમાં નવા ફોટા મુકવા બાબત

પોતાના કુટુંબના વડીલોના ફોટા સમાજની ઓફિસમાં મુકવા માટેની સમાજની યોજના અનુસાર આર્થિક યોગદાન આપી ઘણાં સભ્યોએ તેનો લાભ લીધો છે અને સમાજની ઓફિસમાં તેમની સુંદર યાદગીરી આજે જોવા મળે છે. હવે જૂજ ફોટા લેવાના બાકી છે તો જે સભ્યને ફોટા મુકવા અંગે ઇચ્છા હોય તો તેઓએ સમાજની ઓફિસે અથવા ઉપપ્રમુખશ્રી હિતેશભાઇ બી. સંઘવી (મો) ૯૮૨૪૦ ૬૧૩૩૯ અથવા તો માનદ્ મંત્રીશ્રી અજયભાઇ એન. દોશી (મો) ૯૩૨૭૦ ૭૮૭૭૮ નો સંપર્ક કરવા વિનંતી છે.

- અજય એન. દોશી, માનદ્ મંત્રી

જુના વિનુભાઈનું લીંબડીમાં પ્રખ્યાત
કાળા તલનું કચરીયું
લીંબડી અને સુરેન્દ્રનગરમાં મળશે.
(Since 1980)
શેઠ કિંજલકુમાર વિનુભાઈ
બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી-૩૬૩૪૨૧.
મો. : ૯૮૬૭૦૮૭૩૫૪, ૯૯૨૪૧૮૭૩૩૦
નોંધ : બહારગામ માટે કુરીયર સર્વિસ મળશે.
શેઠ કિંજલકુમાર વિનુભાઈ
શો.નં. ૩,૪, શ્રીજી કોમ્પલેક્ષ,
શ્રી ઝાલાવાડ ક્ષત્રીય સમાજ હોલની નીચે,
યુરો કીડ્સ સ્કૂલની બાજુમાં, મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં,
જીન્તાન રોડના કોર્નર ઉપર, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨.
મો. : ૯૮૯૨૯૨૭૩૪૧, ૮૩૪૬૮૬૭૩૭૫

## શ્રધ્ધાંજલિ



**શ્રી સકરચંદભાઇ મંગળજીભાઇ સંઘવી**
**(ધ્રાંગધ્રાવાળા)**


ઉદાર દિલ દાતા, કરુણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના જીવનમાં હતો, તન-મન-ધનથી અદ્વિતીય સેવા આપનાર તેમજ ધાર્મિક ક્ષેત્રે તેમજ સમાજ સેવાના તમામ ક્ષેત્રે અનન્ય યોગદાન આપનાર અને તેમના માર્ગદર્શનથી અને નિસ્વાર્થ સેવાભાવથી કેટલીય સંસ્થાઓમાં સ્થાનકવાસી સમાજના સાધર્મિક બંધુઓના સંતાનો શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી શક્યા છે તેવા કોઇના દુ:ખે દુ:ખી અને કોઇના સુખે સુખી જેમનો જીવનમંત્ર હતો તેવા સ્વ. શ્રી સકરચંદભાઇને શત્ શત્ વંદન નમસ્કાર.. તેમજ તેમનો દિવ્ય આત્મા પરમ શાંતિ પામે તેવી અંતરની અભ્યર્થના.

| ઉમેશ એન. દોશી | હિતેશ બી. સંઘવી | અજય એન. દોશી |
| --- | --- | --- |
| પ્રમુખ | ઉપપ્રમુખ | માનદ્ મંત્રી |

Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
એસ/૯૯, સિંધી માર્કેટ, રેવડી બજાર, અમદાવાદ-૨.
ફોન : ૨૨૧૦૭૪૭૭, ૨૨૧૦૫૮૩૧
એચ. કે. હાઉસ
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૧ ૧૯૯૭, ૨૨૧૧ ૦૫૦૪
હરજીવનદાસ કસળચંદ શાહ પરિવાર
(પાળીયાદવાળા)
રજનીકાંત શાહ - ૨૭૩૦ ૯૯૪૭
જયંત શાહ - ૨૨૧૧ ૪૧૮૦ અલકેશ શાહ - ૨૭૩૦ ૫૩૪૭
અતુલ શાહ - ૨૨૧૪ ૬૬૮૦ કલ્પેશ શાહ - ૨૭૪૫ ૧૯૭૪



અકરાંતિયા બની ના ખાશો.
થોડા ભૂખ્યા રહો, ખૂબ ચાવીને ખાવ.



# શ્રી રજનીકાન્ત લક્ષ્મીચંદ સંઘવી

પી.એચ.ડી., નિવૃત્ત આચાર્ય, એચ.એલ.કોલેજ ઓફ કોમર્સ (પૂર્વ પ્રમુખ : શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ)

**અનંત ગુણી આત્મા કરે નિજ ગુણના કામ, જો સમજે આ જીવડો સરે પોતાના કામ...**

## શુભેચ્છા સંદેશ

કોલેજમાંથી નિવૃત્ત થયા બાદ આપણા સમાજના અગ્રણી સભ્યો મારે ઘરે પધાર્યા અને વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજના પ્રમુખ બનવા વિનંતી કરી ગયા. સમાજનું કામકાજ નગરશેઠના વંડે ચાલતું હતું. થોડા સમય બાદ નગીનભાઈ મણીલાલ દોશી, પ્રિતમનગરના ઢાળ પાસે એક ઓફિસ નક્કી કરી આવ્યા.

સમયના વહેણ વહેતા રહ્યા. નવા યુવાન સભ્યો શ્રી ચંદ્રકાન્ત આર. શાહ, શ્રી અશોકભાઈ ઘડિયાળી, શ્રી ઉમેશ દોશી, ડૉ. નીલેશ સંઘવી, શ્રી અશ્વીન ચંદુલાલ શાહ, શ્રી ચેતન આર. શાહ, શ્રી પ્રફુલ્લ સખીદાસ ઈત્યાદી.. નવા સભ્યો આવ્યા.

અમે પ્રિતમનગરને બદલે બીજી સાનુકુળ જગ્યા શોધવા લાગ્યા. નવરંગપુરામાં જ વિદ્યાર્થી શ્રી તરલ બકેરીનું નવું મકાન તૈયાર થઈ ગયું હતું. અમે છેક ઉપલો માળ તથા અગાશી પસંદ કરી લીધા. રમણીય મકાન અને ટેરેસની જગ્યા ખરીદી લીધી. તે જગ્યામાં ઓફિસ, કમીટી મીટિંગ રૂમ અને ૧૦૦ સભ્યો બેસી શકે તેવો સભાખંડનો પ્લાન બનાવવા તે મિત્રને કહી દીધું.

પૈસા ભેગા કરવાં અઘરૂં કામ હતું છતાં યુવાન કમિટી મિત્રોના સહકારથી તે ભગીરથ કાર્ય શરૂ કર્યું. સંસ્થાના પ્રમુખ તરીકે શરૂઆત મારા તરફથી કરવાની મારી ભાવના હતી તે મુજબ મેં રૂા. ૫,૦૦,૦૦૦/- થી શરૂઆત કરી. પછી હું અને બીજા મિત્રો નગીનદાદા પાસે ગયા અને રૂા. ૫,૦૦,૦૦૦/- નો ફાળો મંજૂર કરાવ્યો. શ્રી ઉમેશ દોશીએ ઘેર આવવા માટેની આપશ્રીએ કે અન્ય કમિટી સભ્યોએ તકલીફ લેવાની જરૂર નથી તેમ જણાવી તેમના પરિવાર તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- લખાવી દીધા. સત્યનો વિજય થાય છે. સહુના સહકારથી અમે નિશ્ચિત ધ્યેય પ્રાપ્ત કરી શક્યા.

નવા સત્રનો ઉમંગ અપાર હતો એ જ સમયે મે એક સાથે પાંચ કાર્યક્રમ જાહેર કરી દીધા. ઉમંગ નીચે મુજબ હતો.

● સંસ્કાર શાળા ● ડ્રોઈંગ કોમ્પીટીશન ● સ્પોર્ટસમીટ ● કવીઝ કોમ્પીટીશન ● રીંડીગ રૂમની ફેસેલીટી

ઉપરોક્ત કાર્યક્રમો સિવાય અંગ્રેજી અને કોમ્પ્યૂટર શીખવા માટે સુવિધા કરી. મહાત્મા ગાંધીજીની આત્મકથા પરથી લેખિત અને કવીઝ સ્પર્ધાઓ યોજાઈ.અવારનવાર જુદા જુદા વિષયો પર વ્યાખ્યાનો યોજાવા લાગ્યા. સી.એન. વિદ્યાલયમાં સ્પોર્ટસ મીટ નિયમિત પ્રતિવર્ષ યોજવામાં આવી હતી. બધા મિત્રોએ અભિવાદન કર્યું. બે મિત્રો શ્રી અશોકભાઈ ઘડિયાળી,કીર્તિભાઈ શાહની ખોટ પડી. સમય જતાં નાદુરસ્ત તબિયતને કારણે મને કાર્યકાળ વધુ સંભાળવાનું ઉચિત ન લાગ્યું. મારા અનુગામી તરીકે ભાઈશ્રી ઉમેશભાઈ દોશીએ પ્રમુખપદ ગ્રહણ કર્યું અને સંસ્થાનું સુકાન સંભાળ્યું. વર્તમાન સુધી ખુબ જ સુંદર રીતે સંસ્થાનો વહીવટ સંભાળી રહેલ છે. વર્તમાન ટીમને શુભેચ્છા.

સ્કૂલના વિદ્યાર્થીઓ માટે પોતે જ સ્ટેજ કાર્યક્રમો તૈયાર કર્યા અને રજૂ કર્યા. આ કાર્યક્રમો ખૂબ જ લોકપ્રિય થઈ ગયા. મારા જીવનમાં દાયકા વીતી ગયા. જે મિત્રો અને સ્નેહી હતા તે જાણે કે ખોવાઈ ગયા છે. મારૂં સ્વાસ્થ્ય શારીરિક રીતે નબળું બનતું ગયું છે. છતાંય મારા ગુરૂદેવ સુયશાબાઈ મહાસતીજીના જ્ઞાનકોષથી હું ધર્મના ક્ષેત્રે પ્રયાણ કરતો રહ્યો છું. મેં મારા ધાર્મિક ગ્રંથો અને મેં તૈયાર કરેલી ધાર્મિક નોટો તેમના શિષ્યોને અર્પણ કરી દીધી છે. જે સ્થાનકવાસી જૈન સમાજને ઉન્નત બનાવ્યો ત્યાં મારી પરિસ્થિતિ આપણા પ્રથમ પંક્તિના રાષ્ટ્રીય નેતાશ્રી અટલબિહારી બાજપાઈ જેવી પ્રવર્તે છે. પરમકૃપાળુ પરમાત્મા મને સુખશાંતિ આપે તેવી પ્રાર્થના કરૂં છું.

ગુજરાત ઈકોનોમીક કોન્ફરન્સ પ્રતિ વર્ષ નામાંકિત એસોસીએટ્સ દ્વારા વ્યાખ્યાન મારા ઉપક્રમે જાહેરમાં વ્યાપ્ત કરે છે. આજ સુધીના બધા જ વ્યાખ્યાનોની બધી જ સી.ડી. તથા લેખિત કોપીઓ મારી પાસે છે. હું તેની ઉપલબ્ધિઓથી મને સમૃદ્ધ અનુભવું છું.

**"સર્વથા સૌ સુખી થાઓ, સમતા સહુ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો"**

**! ઓમ શાંતિ.. શાંતિ.. શાંતિ !**




વાળના સૌંદર્ય માટે
જસવંત સ્પે. (કાળો) શિકાકાઈ સાબુ
ઉત્પાદક : જસવંત સોપ ઈન્ડસ્ટ્રીઝ
૪૧, સરદાર પટેલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, શાહવાડી પાસે,
નારોલ, અમદાવાદ - ૩૮૨૪૦૫.

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥
DIAL : (079) 26580863
Four Colour
Design
Bill Book
Letter pad etc.
SIDDHARTH
PRINTERY
LL.13, Harekrishna Complex,
Opp. Kothawala Flats, Pritamnagar,
Ellisbridge, Ahmedabad - 6.



